# ધોરણ - 6 સામાજિક વિજ્ઞાન

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS601 તારા, ગ્રહો અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત ઓળખે છે. દા.ત., સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર. | • સૌરમંડળ અને તેના સભ્યો તારા – ગ્રહો –ઉપગ્રહો – સૂર્ય – પૃથ્વી – ચંદ્ર વગેરેની સમજ | • માતા-પિતા, શિક્ષક, વડીલોના માર્ગદર્શન હેઠળ ખગોળીય ઘટના સમજાવવા માટે તારાઓ, ગ્રહો અને ઉપગ્રહોનું અવલોકન કરાવવું.<br>• તારા, ગ્રહો અને ઉપગ્રહો સંબંધિત ચાર્ટનું નિદર્શન<br>• ગ્રહોના ફોટાનું નિદર્શન કરી જૂથ ચર્ચા કરવી |
| SS602 પૃથ્વીને જીવ અસ્તિત્વ તથા વિવિધ કટિબંધો સંદર્ભે વિશિષ્ટ અવકાશીય પદાર્થ તરીકે ઓળખે છે. | • પૃથ્વીની વિશિષ્ટતા<br>• હવા – પાણી – જમીન<br>• વિશિષ્ટ આબોહવા ધરાવતા વિસ્તારો અને ત્રણેય કટિબંધોની સંકલ્પના | • પૃથ્વીની વિશિષ્ટતા સમજાવવા માટે ચાર્ટસ – ચિત્રો, મોડેલ્સ, વિડિયો ક્લિપ્સ. ઍટલાસ, પૃથ્વીનો ગોળો તેમજ પ્રાકૃતિક નકશાઓના નિદર્શન અને અવલોકન દ્વારા આબોહવા અને કટિબંધોની સંકલ્પના અને અર્થ સ્પષ્ટ કરાવવા. |
| SS603 દિવસ-રાત અને ઋતુ પરિવર્તન દર્શાવે છે. | • પૃથ્વીની ગતિ : પરિભ્રમણ અને પરિક્રમણ | • પૃથ્વીની ગતિને સમજાવવા માટે આકૃતિઓ, મોડેલ્સ, દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રીનો ઉપયોગ કરવો. |
| SS604 વિશ્વના નકશા પર ખંડો અને મહાસાગરોની દિશાઓનો નિર્દેશ કરે છે. | • નકશાની સમજ<br>• ખંડો અને મહાસાગરો | • ખંડો-મહાસાગરો, સાગરો વગેરે નક્શામાં દર્શાવવા અને તેના વિષે ચર્ચા કરવી. |
| SS605 પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ-રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે. | • અક્ષાંશ અને રેખાંશની સમજ, વિષુવવૃત્ત, કર્કવૃત્ત, મકરવૃત્ત, ઉત્તર ધ્રુવવૃત્ત, દક્ષિણ ધ્રુવવૃત્ત, ઉત્તર ધ્રુવ, દક્ષિણ ધ્રુવ<br>• ગ્રિનીચ રેખા, આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા, ગોળાર્ધની સમજ.<br>• વિવિધ આવરણો, મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ, જીવાવરણ<br>• ભારતના પાડોશી દેશો<br>• ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો. | • અક્ષાંશ અને રેખાંશને સમજાવવા માટે પૃથ્વીના ગોળાનો ઉપયોગ કરવો.<br>• મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણની સમજ માટે આકૃતિઓનો ઉપયોગ કરવો.<br>• ભારત અને તેના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્ર-શાસિત પ્રદેશો વગેરે નકશામાં દર્શાવવા.<br>• પર્વતો, ઉચ્ચપ્રદેશ અને મેદાનોનું વર્ગીકરણ દર્શાવતા ચાર્ટનું નિદર્શન કરાવવું. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS606 ભારતના નકશામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, રણપ્રદેશો, વગેરે જેવી ભૌગોલિક લાક્ષણિકતાઓ દર્શાવે છે. | • ભારતઃ સ્થાન/ સીમા/ વિસ્તાર/ ભૂપૃષ્ઠ અને તેના પ્રકારો અને લક્ષણો. | • ભારતનું સ્થાન, સીમા, વિસ્તાર અને તેની ભૌગોલિક લાક્ષણિકતાઓ જેવી કે પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, રણપ્રદેશો, નદીઓ વગેરે નકશામાં દર્શાવવા. |
| SS607 દિશાઓ, પ્રમાણમાપ તથા રૂઢ સંજ્ઞાઓનો ઉપયોગ કરી પોતાની આસપાસના પ્રદેશનાં નકશાઓ સમજે છે અને દોરે છે. | • નકશો- વ્યાખ્યા – અંગો – દિશાસૂચન પ્રમાણમાપ, રૂઢ સંજ્ઞાઓ.<br>• નકશાના પ્રકારો | • પ્રોજેક્ટ કાર્ય દ્વારા પોતાના ઘર, શાળા પરિસર અને ગામનો નકશો દોરી હોકાયંત્ર દ્વારા દિશાની સમજ આપી નકશા નિદર્શન, નકશા-પૂર્તિ, ચાર્ટ ચિત્રો દ્વારા રૂઢસંજ્ઞાઓનો ઉપયોગ તેમજ GPS દ્વારા વિવિધ સ્થળોનાં લોકેશન જાણતા કરવા. |
| SS608 ગ્રહણને લગતી અંધશ્રદ્ધાઓની વિવેચનાત્મક રીતે ચકાસણી કરે છે. | • સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ<br>• આપણી માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ. | • ગ્રહણ અને જોડાયેલ અંધશ્રદ્ધાઓની ચર્ચા કરાવવી. |
| SS609 ઐતિહાસિક તથા સાહિત્યિક સ્રોતોને ઓળખી ઈતિહાસના પુનર્ગઠન માટે વિવિધ સ્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે. | • ઈતિહાસ એટલે શું ?<br>• ઈતિહાસ જાણવાના સ્રોતો, તાડપત્રો, ભોજપત્રો, તામ્રપત્રો, શિલાલેખો, અભિલેખો, સિક્કા, ઓજારો વગેરે. | • ઈતિહાસકારોએ પ્રાચીન ઈતિહાસનું પુનર્ગઠન કરવા માટે ઉપયોગમાં લીધેલ વિવિધ ચિત્રો અને સ્રોતો સમજાવવા અને તેની ચર્ચા કરાવવી. વિવિધ ફોટાઓનો સંગ્રહ તેમજ સ્થળોની મુલાકાત કરાવવી. |
| SS610 ભારતના નકશામાં ઐતિહાસિક અને અન્ય સ્થળો દર્શાવે છે. | • ભારતનાં ઐતિહાસિક સ્થળો. | • ભારતના નકશામાં ઐતિહાસિક સ્થળોને ધ્યાને લઈ નકશાપૂર્તિની પ્રવૃત્તિ કરાવવી, દા.ત., શિકારી જીવનના મળેલ અવશેષના સ્થળો, ખેતીની શરૂઆતના તબક્કાનાં સ્થળો, હડપ્પીય સંસ્કૃતિના સ્થળો, જનપદ, મહાજનપદ, સામ્રાજ્યો, બુદ્ધ અને મહાવીરના જીવનની ઘટનાઓ સાથે સંકળાયેલ સ્થળો, ભારતના સંપર્કો હતા તેવા ભારતની બહારના કલા અને સ્થાપત્ય સ્થળો વગેરે... |
| SS611 પ્રાચીન માનવ સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે. | • પ્રાચીન માનવ સંસ્કૃતિનાં લક્ષણો, ક્રમિક વિકાસ (ભારતીય સંસ્કૃતિ)<br>• હડપ્પીય સભ્યતા, પ્રાચીન ગ્રંથો, પ્રાચીન ભારત, ખેતી, વેપાર, સિક્કા, કલાઓ | • પ્રાચીન સમયના અવશેષો, તેનાં ચિત્રો, તેના પર થયેલાં સંશોધનો, પ્રાચીન સંસ્કૃતિનાં સ્થળોની મુલાકાત, સંગ્રહાલયની મુલાકાત, પ્રાચીન સભ્યતાનાં સ્થળોનું નકશામાં નિદર્શન તેમજ વાર્તા દ્વારા તે સમયની જીવનશૈલીનો ક્રમિક વિકાસ દર્શાવવો. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|---|
| SS612 | મહત્વનાં રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત., મહાજન પદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્તવંશના સિક્કાઓ, પલ્લવ વંશનાં રથમંદિરો. | • મૌર્ય યુગ<br>• મહાજનપદોની શાસન વ્યવસ્થા<br>• ચંદ્રગુપ્ત મૌર્ય, ચાણક્ય, સમ્રાટ અશોક વગેરેનો વારસો.<br>• ગુપ્તયુગ, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત બીજો. સ્થાપત્યો અને સ્મારકો. | • રોલ-પ્લે કરાવવા, વિવિધ ઐતિહાસિક વિષયવસ્તુ જેવી કે કલિંગ યુદ્ધ બાદ અશોકનું હૃદય પરિવર્તન, પ્રાચીન સાહિત્યમાં સમાવિષ્ટમાં ઘટનાઓ અને પ્રસંગો.<br>• મહાજનપદોનું ભારતીય નક્શામાં સ્થાન અને તે સમયની શાસન વ્યવસ્થાની જાણકારી આપવી . |
| SS613 | પ્રાચીન સમય દરમિયાનના વિકાસના તબક્કાઓ સમજી બે પ્રદેશના વિકાસની સરખામણી કરે છે. દા.ત., શિકાર-સંગ્રહ તબક્કો, ખેતીની શરૂઆતનો તબક્કો, સિંધુ સંસ્કૃતિનું પહેલું શહેર. | • માનવજીવનની શરૂઆત અને વિકાસ, વિકાસના તબક્કાઓ, આદિમાનવનું ભટકતું જીવન, સિક્કા, ખેતી નગરરચના, મહત્ત્વની શોધો. સ્થાયી જીવન – હથિયાર, ઓજારો ગુફાઓ. | • પ્રાચીન સમયના અવશેષો જેવા કે સિક્કા, હથિયારો, ઓજારો, રમકડાં વગેરેના ચિત્રોના નિદર્શન અથવા તેના સંગ્રહાલયની રૂબરૂ મુલાકાત અને વાર્તા અથવા ફિલ્મ નિદર્શન દ્વારા તે સમયના બે પ્રદેશોના વિકાસના તબક્કાઓની સરખામણી કરાવવી. ભટકતા જીવન અને સ્થાયી જીવન વિષે જૂથ ચર્ચા |
| SS614 | જે તે સમયની સાહિત્યિક રચનામાં દર્શાવેલ ઘટનાઓ, બનાવો અને મહાન વ્યક્તિઓનાં ચરિત્રનું વર્ણન કરે છે. | • પ્રાચીન સમયનું સાહિત્ય અને વિવિધ રચના, બનાવો, વ્યક્તિ વિશેષ.<br>• હર્ષવર્ધન અને પુલકેશી બીજાના સમયનું સાહિત્ય.<br>• ઋગ્વેદની માહિતી.<br>• વૈદિક સાહિત્ય – પુરાણ – ધર્મેતર સાહિત્ય. | • વૈદિક સાહિત્ય વિશેની જાણકારી આપવી.<br>• હર્ષવર્ધન અને પુલકેશી બીજાના સમયની મહત્ત્વની ઘટના, સાહિત્ય અને કૃતિઓની સમજ આપવી. |
| SS615 | ભારતના સંપર્કમાં આવેલ બહારના પ્રદેશોના ધર્મ, કલા અને સ્થાપત્યોની અસરો દર્શાવે છે. | • આર્યોનું આગમન<br>• વૈદિક સંસ્કૃતિ<br>• ઋગ્વેદની રચના | • આર્યોના આગમનની સમજ આપવી.<br>• વૈદિક સંસ્કૃતિની સમજ આપવી.<br>• ઋગ્વેદના આધારે આર્ય સંસ્કૃતિની સમજ આપવી. |
| SS616 | સંસ્કૃતિ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતનું નોંધપાત્ર યોગદાન વર્ણવે છે. દા.ત., ખગોળશાસ્ત્ર, ઔષધિ વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર વગેરે. | • ભારતીય વૈજ્ઞાનિક શોધો :<br>• ખગોળશાસ્ત્ર - ઔષધિવિજ્ઞાન – ગણિતશાસ્ત્ર – ધાતુશાસ્ત્ર. | ગુપ્તયુગમાં વિજ્ઞાનની સ્થિતિ તથા સાંસ્કૃતિક સ્થિતિની સમજ આપવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS617 ઐતિહાસિક વિકાસને લગતી માહિતીનું વિશ્લેષણ કરે છે. | • ઐતિહાસિક વિકાસનાં તબક્કા – શિકારી ભટકતું જીવન – ખેતીની શરૂઆત – સ્થાયી જીવન – નગર રચના - સિંધુ સંસ્કૃતિ – આધુનિક નગર રચના.... | • પુરાતાત્વિક અવશેષો, હથિયારો, ઓજારો, પથ્થરો, સિક્કાઓ, તાડપત્રો, ભોજપત્રો, તામ્રપત્રો, અભિલેખો, શિલાલેખો વગેરે પરથી વિકાસના તબક્કાની જાણકારી આપવી.<br>❖ મ્યુઝિયમની મુલાકાત કરાવવી. |
| SS618 પ્રાચીન કાળના વિવિધ ધર્મોના વિચારો અને મૂલ્યોનું વિશ્લેષણ કરે છે. | • પ્રાચીન ધર્મ અને સંસ્કૃતિ બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને તેના ઉપદેશો.<br>• ભારત અને ગુજરાતમાં બૌદ્ધ-જૈન ધર્મનો ફેલાવો. | • બૌદ્ધ ધર્મ-જૈન ધર્મ અને અન્ય ધર્મોની વિચારધારાઓના મુખ્ય વિચારો અને મૂલ્યોની વર્તમાન સમયમાં સુસંગતતાની ચર્ચા કરવી. |
| SS619 પોતાની આસપાસનાં માનવીય વિવિધતાનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન કરે છે. | • માનવીય વિવિધતા : રૂપ - રંગ – ભાષા – રહેઠાણ – કામ – ખોરાક – પોશાક- ધર્મ - સંસ્કૃતિ | • વિવિધતામાં એકતા – આપણી સંસ્કૃતિ.<br>• ખોરાક – પોશાક – રહેઠાણ, નૃત્ય, સાંસ્કૃતિક વારસો વગેરેની PPT વિડિયો તેમજ ચિત્રો બતાવવાં અને ચર્ચા કરવી. |
| SS620 પોતાની આસપાસની વિવિધતા તરફ સ્વસ્થ વલણ વિકસાવે છે. | • સ્થાનિક વિવિધતા અને અસમાનતા – અસરો.<br>❖ અમીર - ગરીબ<br>❖ છોકરા - છોકરી<br>❖ સાક્ષર - નિરક્ષર<br>❖ શહેરી - ગ્રામીણ | • કુટુંબ, શાળા, સમાજ વગેરેમાં લોકો સાથે થતા યોગ્ય અને અયોગ્ય વ્યવહારોનું અવલોકન કરાવવું. |
| SS621 વિવિધ પ્રકારની વિભિન્નતાઓને ઓળખી તેની પ્રકૃતિ અને સ્રોતોને સમજે છે. | • ભેદભાવની વિભાવના :<br>• સામાજિક - આર્થિક<br>• ધાર્મિક – સાંસ્કૃતિક. | • જુદાં જુદાં ચિત્રો અને પ્રતીકો દ્વારા એકતા અને વિવિધતાની સમજ આપવી.<br>• વિડિયો ક્લીપ, એકપાત્રીય અભિનય, નાટકો, ચિત્રો વગેરે દ્વારા વિવિધતાનાં સ્વરૂપોની સમજ આપવી. |
| SS622 સામાજિક વિવિધતાઓને ઓળખી હકારાત્મક પ્રતિક્રિયા આપે છે. | • સમાનતા અને અસમાનતા ધોરણો – અસર. | • શહેરી તથા ગ્રામીણ જીવન – સાક્ષર – નિરક્ષર – સ્ત્રી – પુરુષ તથા જ્ઞાતિ આધારિત ભેદભાવ દૂર કરવા માટે બંધારણની જોગવાઈઓની ચર્ચા કરવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| SS623 સ્થાનિક સ્તરે સરકારની ભૂમિકાનું વર્ણન કરે છે. | • સ્થાનિક સરકાર અને પ્રકાર<br>• ભૂમિકા– રચના – કાર્યો<br>• આવકનાં સાધનો | • -વિદ્યાર્થીની સ્થાનિક પરિસ્થિતિ અનુસાર ગ્રામપંચાયત/ નગરપાલિકા/ મહાનગરપાલિકાના કાર્યોનું પ્રત્યક્ષ અવલોકન કરાવવું.<br>• સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનાં વિવિધ કાર્યો અને આવકનાં સાધનો માટે સંદર્ભો અને સામગ્રીનો ઉપયોગ કરવો. |
| SS624 સરકારનાં વિવિધ સ્તર સ્થાનિક, રાજ્ય અને સંઘને ઓળખે છે. | • સરકારના સ્તર<br>• સ્થાનિક – રાજ્ય – કેન્દ્ર સરકાર<br>• સરકારના પ્રકાર – લોકશાહી – સામ્યવાદી – રાજાશાહી | • ગ્રામપંચાયતની મુલાકાત<br>• વિધાનસભાની મુલાકાત.<br>• વર્તમાનપત્રોનાં કટિંગ્સ – ચાર્ટ –<br>• લોકસભા – રાજ્યસભા ચેનલનું નિદર્શન કરાવવું |
| SS625 ગ્રામ્ય અને શહેરી સ્થાનિક સરકારની કામગીરીનું વિશ્લેષણ કરે છે. જેમ કે આરોગ્ય અને શિક્ષણ. | • સ્થાનિક સરકાર.<br>• ગ્રામ પંચાયત – તાલુકા પંચાયત – જિલ્લા પંચાયતનાં કાર્યો<br>• નગરપાલિકા – મહાનગરપાલિકાનાં કાર્યો | • પોતાના વિસ્તારમાં સરકાર દ્વારા થયેલા વિકાસના કાર્યોની યાદી બનાવવી.<br>• સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કામગીરી વિશે સમજ આપવી. |
| SS626 ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વ્યવસાયની તક સર્જનાર વિવિધ પાસાઓનું વર્ણન કરે છે. | • ગામડાનું જીવન<br>• શ્રમકાર્ય – ખેતી<br>• પશુપાલન<br>• જીવનનિર્વાહની અન્ય પ્રવૃત્તિઓ<br>• શહેરી જીવન<br>• સેવા ક્ષેત્ર<br>• સ્વરોજગાર અને કારીગરી<br>• વેપાર – ઔદ્યોગિક શ્રમકાર્ય | • વ્યવસાયોના સંદર્ભમાં આસપાસના વિસ્તારો/ ગામડાં/ શહેરને લગતા વ્યક્તિ અભ્યાસો વર્ણવવા.<br>• વિવિધ વ્યવસાયો અંગે વિવિધ માધ્યમોથી માહિતગાર કરવા.(ચાર્ટ્સ, વિડિયો, ફોટોગ્રાફ્સ વગેરે ...) |

DRAFT